# ટપક

વર્ષ : ૧ અંક ૬
જુલાઈ ૧૯૯૯

તંત્રી : સુરેખા મહેતા મુદ્રણાલય : શકિત ઓફસેટ, બહારપરા – અમરેલી.
માલિક,મુદ્રક અને પ્રકાશક : શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ૯૫, જલારામનગર – ૨, અમરેલી
સંપાદક ટીમ : પ્રકાશ ભટ્ટી, દયા ચૌહાણ, વજુ ગોવિંદીયા

## વ્યકિત વિકાસ

આપણા વ્યકિતત્વ ઉપર આસપાસનું વાતાવરણ ખૂબજ અસર કરે છે. ભારતીય સંસ્કૃતિ મુજબ વડીલો આગળ આપણે બોલી શકતા નથી બોલવાની ટેવ વિકસાવવી જરૂરી છે. ખરા સમયે, ખરા કારણસર અને ખરી જગ્યા પર મૌન ન રહેતા બોલવું જોઈએ ન બોલવાથી આપણને તો નુકશાન થાય જ છે. સામેની વ્યકિત પણ મૌન રહેવાથી આપણો લાભ ઉઠાવે છે. આપણા વિચારો મગજમાં કેદી ન બની જાય તે માટે વિચારોને વાચા આપવી જરૂરી છે. બોલવાનો અર્થ એ પણ નથી કે ગમે તેમ બક બક કર્યા કરવું. થોડુ બોલવું પણ અસરકારક બોલવું બોલતી વખતે હિંમત રાખીને બોલવું પોતાની ભુલને દબાવી ન રાખતા સ્વીકાર કરવો જોઈએ તોજ સારા ‘સ્પીકર’ થઈ શકીએ. આપણે મિત્રો વચ્ચે,ઘરના વડીલો સાથે,બાળકો સાથે વાત કરતા હોઈએ ત્યારે આપણી વાતમાં મૃદુતા અને ચોકસાઈ જરૂરી છે.

**જૂથ ચર્ચા :** દરેક સભ્યોને સાંભળીને આપણો વિચાર– દ્રષ્ટિકોણ સ્પષ્ટ દર્શાવવો તેની સાથે જૂથના સભ્યો સંમત થશે કે કેમ? એ વિચારને ઘ્યાનમાં ન લેવો જો તેમ થાય તો તે જૂથ અને આપણા માટે તે નુકશાનકર્તા બનશે.

**મીટીંગ :** સાથી કાર્યકર્તા ઓની મીટીંગ વખતે મીટીંગના મુદ્દા પર ઉપસ્થિત દરેક સભ્યોને બોલવાની તક આપવી અને જયારે સભ્ય બોલતા હોય ત્યારે તેના દરેક શબ્દો નોંધવા તથા મુદ્દાવાર સર્વ સંમતિ થઈ હોય તેવી બાબતો અને વિરોધાભાસી મંતવ્યો હોય તેવી બાબતોની છણાવટ કરી સર્વ સંમતિથી દરેક મુદ્દા પર સ્પષ્ટ નિર્ણય આપવા.નિર્ણયો મીટીંગના અંતે રજૂ કરવા, અનિર્ણિત બાબતો પણ કેવા કારણોસર અનિર્ણિત રહી છે તેની સ્પષ્ટતા કરી કયારે તે નિર્ણયમાં ફેરવાશે તેનો સમય ગાળો સ્પષ્ટ કરવો.

**વ્યકિતગત મુલાકાત :** કોઈ કેસ સ્ટડીઝ માટે કે કાર્ય મુલ્યાંકન માટે કોઈ વ્યકિતની મુલાકાત લઈએ ત્યારે તે કાર્ય તથા કેસની મુદ્દાવાર પ્રશ્નોતરી આપણી પાસે તૈયાર હોવી જોઈએ, આ પ્રશ્નોતરી પરથી જે તે કેસમાં નિર્ણય તેમજ કાર્યનું મૂલ્યાંકન સારી રીતે થઈ શકે તેવી હોવી જોઈએ. વ્યકિત સાથે વાતચીત દરમ્યાન તેને અણગમો ઉભો ન થાય તે માટે સીધા પ્રશ્નનો મારો ચલાવવાને બદલે પ્રથમ તેમની વિગતો તેમની પાસેથી સાંભળો તમે તમારો પરિચય આપી થોડી આત્મિયતા કેળવી પ્રશ્નોતરી ને ધીરેધીરે એવી રીતે આગળ ધપાવો કે તે વ્યકિતને ખ્યાલ પણ ન આવે કે સામેની વ્યકિત મને પ્રશ્ન પુછી રહી છે.

**જાહેર ભાષણ :** આપણે જયારે જાહેરમાં બોલતા હોઈએ ત્યારે શ્રોતા તરફ ઘ્યાન રાખીને બોલવું શ્રોતાને આપણી વાતમાં રસ છે કે નહિ તેનું સતત ઘ્યાન રાખવું જોઈએ ‘સ્પીચ’ આપવામાં બે બાબતો ખૂબ અગત્યની છે.(૧)રજૂઆતની વિગતો : વિગતો સ્પષ્ટ હોવી જોઈએ ૫ મિનિટ બોલવાનું હોય તો ૭ થી ૮મિનિટનું સાહિત્ય આપણી પાસે હોવું જરૂરી છે. એટલે કે ૭૫૦ થી ૮૦૦ શબ્દો હોવા જોઈએ સાહિત્યમાં સંકલન હોવું જોઈએ, વચ્ચે ડેકોરેટ કરતા જવું જોઈએ જેથી લોકોનો રસ જળવાઈ રહે વાતચીતની શરૂઆત કહેવત, મહાપુરૂષની વાણી, ધાર્મિક પુસ્તક માંથી વાકય લઈ કરવી વાકય વિષયને સુસંગત હોવું જોઈએ (૨)રજૂઆત કરવાની કળા : અવાજ – જયાં જેવુ વાતાવરણ હોય ત્યાં અવાજ ઓછો વધુ કરી બોલવું ઉત્સાહ જગાવવા ઝુસ્સો વ્યકત કરવા મોટેથી બોલવું જયારે શોક, પ્રેમની વાતો હોય ત્યારે ધીમેથી બોલવું પણ એ ઘ્યાન રાખવું કે સામેની વ્યકિતને સંભળાય છે કે નહિ. ગતી– દર મિનિટે ૧૧૦ શબ્દો ની હોવી જોઈએ.જરૂર જણાય ત્યારે આપણા હાવભાવ મુજબ હાથ છુટા કરી વિષય વસ્તુ સમજાવવાનો પ્રયાસ, વિષયને અનુરૂપ છટા, ચહેરા પર મુશ્કુરાહટ જરૂરી છે.

## સમાચારો

### કામનાથ પ્રોજેકટ

રોટરી કલબ ઓફ અમરેલી દ્વારા રોટરી ઈન્ટરનેશનલના સહયોગથી આ પ્રોજેકટ હાથ ધરાયેલ છે. શ્રી અનિલભાઈ રૂપારેલ તથા નિષ્ણાંત ટીમે અમરેલી અને જેસીગપરા વચ્ચે વહેતી નદી પરના જુનાં ચેકડેમનું રિનોવેશન તથા સુએઝ બાયપાસ પ્રોજેકટ તૈયાર કરી અમરેલીની પ્રજાને ત્રિસ્તરીય લાભ થાય તેવું આયોજન કરેલ છે.

હાલની સ્થિતિ :જુનો ચેકડેમ આશરે ૪૦૦ ફુટ લાંબો છે. જેને પાટીયા વિહીન ૩૦ દરવાજા છે નજીકના જૂના કુવાઓ માટીથી પૂરાઈ ગયા છે જેમાં ગટરનું ગંદુ પાણી પણ ઠલવાતુ રહેછે. આખી નદી બાવળ વિ. ઝાડી–ઝાંખરા થી ઢંકાયેલી છે. અમરેલી શહેરની ગટરો અહી નદીમાં ઠલવાય છે. આમ આખુ વાતાવરણ ખુબજ દુષિત, રોગજન્ય રહેછે.મેલેરીયા, કોલેરા, પેટના રોગો વિ. ના જંતુઓનું જન્મ સ્થળ છે. આ ગંદુ પાણી પીવાના પાણીને દુષિત બનાવતુ હોવાની પુરી શકયતા છે.

પ્રોજેકટ રૂપરેખાઃ(૧) ચેકડેમ રીનોવેશનઃ–ચેક્ડેમ રીપેર કરી તેના દરવાજાઓમાં આધુનિક પાટીયાઓ ફીટ કરવા.

–નદીમાં પથરાયેલ ઝાડી–ઝાંખરા વિ. કાઢી નાખી નદીનું પટ ઉંડુ ઉતારવુ. ચેક્ડેમ અને હાઈવે બ્રીઝ વચ્ચે નદીની બંને બાજુ પાળ બાંધવી જેથી વિપુલ પ્રમાણમાં પાણીનો સંગ્રહ થઈ શકે.

–મંદિર પાસે એક સુંદર વિશાળ બગીચો, ફુવારાઓ તેમજ વૃક્ષારોપણ કરી વાતાવરણ હરિયાળુ ફરવાલાયક બનાવવુ.

(૨) સુએઝ :નદીના શહેર બાજુના કિનારે ગઢની રાંગને અડીને સિમેન્ટ પાઈપ લાઈન ફીટ કરી તે દ્વારા સમગ્ર શહેર ની ગટરોનું પાણી શહેરની બહાર રેલ્વે બ્રીજથી આગળ લગુન ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી લઈ જવું જયાં તેને ખેતી લાયક બનાવી ખેતી માટે વાપરવા આપવું.

પ્રોજેકટના અંતે ફાયદા :(૧) આખુ દુષિત વાતાવરણની જગ્યાએ ચોખ્ખુ આનંદદાયક વાતાવરણ ઉભુ થશે. અને આજુબાજુના વિસ્તારના લોકોના આરોગ્ય પરનું કાયમી જોખમ દૂર થશે.(૨) નદીના પટમાં વિશાળ તળાવ જેવા પાણીનો સંગ્રહ થશે જેનાથી પાણીના તળ ઉંચા આવશે અને આજુબાજુના પાણીના સ્ત્રોતો કાયમી સજળ બનશે.(૩) ખેતીના કુવાઓમાં પણ પાણી વધશે. અને ગટરનું રીપ્રોસેસકરેલ પાણી ઉત્તમ ગુણવત્તાનું ખાતર તરીકે કામ આપશે.જેનાથી આવક થશે. અને આખા પ્રોજેકટ જાળ વણી નિભાવ ખર્ચને પહોંચી વળાશે.(૪)ખેત પેદાશોમાં ફાયદો થવાથી વધુ લોકોને રોજી મળશે

### વનમહોત્સવ

અમરેલી જિલ્લામાં વન વિભાગ દ્વારા ૫૬.૮૦ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. આ તમામ રોપાઓને વન વિભાગ સાથે મળીને અમરેલી જિલ્લાના લોકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, શાળાઓ તથા સરકારી વિભાગો દ્વારા સંપૂર્ણ રીતે ઉછેરવા સંકલ્પ કરેલ છે. તેના ભાગરૂપે ખાંભા તાલુકામાં ૧૦,૦૦૦ વૃક્ષો ઉછેરવાની જવાબદારી શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રે લીધી છે.

### જળસંગ્રહ માટે ઓછા ખર્ચથી તૈયાર થતા આડબંધ

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના રફાળા ગામે ગામ લોકો દ્વારા ૧૬ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. તે જાણીને કૃષિમંત્રી શ્રી બેચરભાઈ ભાદાણી ગામની મુલાકાતે ગયા તો તેમના હસ્તે ખાત મૂહર્ત કરાવી ૧૭ મો ચેકડેમ બનાવ્યો દરેકચેકડેમમાં માત્ર છ થી સાત હજાર રૂપિયા સીમેન્ટ, કાંકરી,લોખંડ વિ. માટે ખર્ચ કરવામાં આવ્યો છે. ગામ લોકો શ્રમ કરે છે. તેથી મજૂરી ખર્ચ લાગતો નથી અને રફાળા ગામે થયેલ આ કામો કરતા લોકોનો જે ઉત્સાહ અને ભાવના છે તેની અનુભૂતિ શિક્ષણ કેન્દ્રના પ્રમુખશ્રી ધીરૂભાઈ તથા સુરેશભાઈ ગામ લોકોને મળ્યા ત્યારે થઈ. યુવાન સરપંચશ્રી બાવભાઈ ગજેરા ઉપસરપંચશ્રી ધીરૂભાઈ તથા પંચાયત સભ્યો અને ગામ લોકો સાથે વાતો થઈ. શાળાના શિક્ષકો શ્રીધીરૂભાઈ ઠુંમર તથા મનુભાઈ પટેલ દ્વારા શાળામાં પર્યાવરણને લગતી કાળજી લેવાય છે. સુંદર ભીતસૂત્રો લખ્યા છે. જળસંગ્રહના ઉપરોકત કાર્ય માટે વધુ વિગતો મેળવતા જાણવા મળ્યુ કે ૮૦૦ લોકોની વસ્તી ધરાવતા અને ૧૦૦ ઘર વાળા આ ગામના દરેક લોકો (મજુર સહિત) એ રોકડ ફાળો આપ્યો છે. અને શ્રમદાન પણ કર્યુછે. રૂ.૭૦,૦૦૦/–ગામ લોકોએ એકત્ર કર્યા રૂ.૨૦,૦૦૦ શ્રી સવજીભાઈ વેકરીયાએ આપ્યા અને રૂ. ૩૦,૦૦૦ સીમેન્ટ માટે વૃક્ષ પ્રેમ સેવા ટ્રસ્ટ, ઉપલેટાએ આપ્યા રૂ.૧,૨૦,૦૦૦ માં ૧૭ પાકા ચેકડેમ બનાવવામાં આવ્યા છે. જેમાં શ્રીમનસુખભાઈ સુવાગીયા (બગસરા) તથા શ્રીપ્રફુલભાઈ સેંજલીયા (મોટા માંડવડા) લોકોમાં જાગૃતિ લાવવામાં ઉદ્દીપક બન્યા છે. રફાળા ગામની પંચાયત તથા ગામ લોકોને ખૂબ ખૂબ અભિનંદન

### સંસ્થાનું સ્પર્ધાત્મક ટકાઉપણું

અમદાવાદ મેનેજમેન્ટ એસોશીએશન દ્વારા અટીરા ખાતે તા. ૨૫–૨૬ જુન દરમ્યાન સ્વૈચ્છિક સંસ્થાઓમાં જાહેર સંપર્ક માં અસરકારક સંદેશા વ્યવહાર અભિવ્યકિતની કુશળતા, પ્રેસ રિલેશન્સ એન્ડ પ્રેસ મીટીગ, રીપોર્ટ રાઈટીંગ અને પ્રદર્શનને લગતા મુદ્દા નિષ્ણાંતો દ્વારા ચર્ચવામાં આવ્યા આ કાર્યક્રમમાં ૧૧ સંસ્થાના ૨૨ પ્રતિનિધીઓ ઉપસ્થિત હતા.

## વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રષ્ટ

લીલીયા તાલુકાના ઈંગોરાળાના વતની શ્રીદેવચંદ સાવલીયા (એમ.આર.એસ) એ બાળ કેળવણી મંડળ, બગસરા તથા અન્ય સંસ્થાઓ સાથે કાર્ય સહયોગનો અનુભવ મેળવી છેલ્લા છ માસથી વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રષ્ટમાં જોડાઈને ગ્રામ વિકાસ પ્રવૃતિઓમાં જોડાયા છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના સહયોગથી ગ્રામટેકનોલોજીના સહયોગથી ૭૫ સસ્તા શૌચાલય, ગુજરાત એગ્રોના સહયોગથી ૩૨ ગોબરગેસ પ્લાન્ટ, ગ્રામટેકનોલોજીના સહયોગથી બગસરાના ૨૦ ગામોમાં ગ્રામ્ય કારીગરોનો સર્વેતથા યુવક મંડળો રચવાની કામગીરી હાથ ધરી છે.તેમના સાથી બાંભણીયા નિવાસી શ્રી પ્રવિણભાઈ પાનસુરીયા પણ દેવગામ આસ પાસ દશ ગામોમાં વિકાસ લક્ષી કાર્યો શરૂ કરવાનું વિચારી રહ્યા છે.

## લોક મિત્રા ઢેઢુકી

'કિલ્લોલનો મુખ્ય હેતુ બાળકમાં રહેલી સર્જન વૃતિ બહાર લાવવાનો છે. આ સર્જન વૃતિ તેમને આર્થિક ઉપાર્જન મેળ વવામાં પણ કામ લાગી શકે એની પ્રતિતી પણ બાળકોને કરાવીએ છીએ બાળકોનું ઘડતર રમતા—રમતા થાય છે. સહભાગિતા વધારવાનો એક સહેલો રસ્તો છે પ્રવાસ. થોડા દિવસો પહેલા પરબડી ગામના મહિલા મંડળના બહેનોનો એકદિવસીય પ્રવાસ યોજયો. સૌને ખૂબ મજા આવી. તમે લોકો પણ આનો અનુભવ કરી શકો.— ફાલ્ગુની લોખીલ

## જિલ્લા પર્યાવરણ ફોરમ

રાજય સરકાર દ્વારા જિલ્લા કક્ષાએ પર્યાવરણ જાગૃતિ અને જાળવણીના મુદ્દા આધારિત ફોરમ રચવામાં આવ્યા છે. જેમાં વર્ષોથી પર્યાવરણ માટે કાર્યરત મિત્રો શ્રીજિતેન્દ્રભાઈ તલાવીયા, શ્રીબિપીનભાઈ જોષી, શ્રીમંગળુભાઈ ખૂમાણ તથા ચંદ્રિકાબેન લાઠીયાની અમરેલી જિલ્લા માટે નિમણૂંક થઈ છે.પર્યાવરણ માટે આ મહાનુભાવો અમરેલી જિલ્લાના પર્યાવરણના પ્રશ્નો માટે જાગૃત છે. તેમને સરકારશ્રી દ્વારા ચાલતા કાર્યમાં જોડવામાં આવ્યા તે બદલ ટપક અભિનંદન પાઠવે છે.આ ઉપરાંત જૈવિક વિવિધતા પર સતત ચાંપતી નજર રાખતા મિત્રોશ્રી ભાનુભાઈ અધ્વર્યુ,ચારૂબેન ઠાકર,સુરેશભાઈ નાકરાણી તથા દિલાવરખાન પઠાણ વિ. મિત્રોને લીધે અમરેલી જિલ્લામાં પર્યાવરણ ક્ષેત્રે ખૂબજ સારી કામગીરી ચાલી રહી છે.

## નગર પાલીકા શાસન

૭૪માં બંધારણીય સુધારા મુજબ નગરપાલીકાના શાસન અંગે અમરેલી નગરપાલીકાના અભ્યાસ માટે ઉન્નતિના મિત્રો ૫ જૂલાઈએ અમરેલી આવી રહ્યા છે.



## ખેડુત શિબિર

મે—જુન ૧૯૯૯ દરમ્યાન ૧૦ ગામોમાં ખેડુત શિબિર યોજવામાં આવેલ. મદદનિશ ખેતી નિયામકશ્રી ગોલકીયા, નાયબ ખેતી નિયામક શ્રી એલ.બી. રાખોલીયા , એગ્રીકલ્ચર ઓફિસર માંડાણી તથા મદદનીશ નિયામક શ્રીની કચેરી માથી શ્રીએન.કે. કાથડ, એસ.બી. દવે,ડો.જી.એ. પંડયા, ગ્રામસેવક શ્રીડી.એન. ફીણવીયા,અને બી.કે. ગજેરા,ડી.આર.ડી.એ. ખેતી વિભાગના શ્રીબી.એલ. ગજેરા, ખેતી ક્ષેત્રે અનુભવી શ્રીછગનભાઈ પટેલતથા શ્રીબીપીનભાઈ જોષી અને પ્રોફેસર શ્રીજયંતિભાઈ તળાવીયા વિ. ઉપસ્થિત રહી સુધારેલા બિયારણો,પાક સંરક્ષણ,સજીવ ખેતી વિષયક ૩૦૦૦ હજાર જેટલા ખેડુત ભાઈઓને વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી.

## સંસ્થા ગત અન્ય પ્રવૃતિઓ જુન' ૯૯

પચપચીયા શ્રીજી મહિલા મંડળની મુલાકાત સંસ્થાના કાર્યકર્તાએ લીધેલ તેમની સાથે નિયમો બનાવવા તેમજ ભવિષ્ય આયોજન માટે ચર્ચા કરી હતી.

—ખાંભા તાલુકાના પચપચીયા મુકામે યુવતિ સંમેલન યોજવામાં આવેલ. જીવન સાથીની પસંદગી,આરોગ્ય પર માર્ગદર્શન આપવામાં અવ્યુ હતું.

—છેવાડાનું ગામ પીપરીયા સ્વસહાય જુથની મીટીંગ યોજેલ જેમાં સંસ્થાના પ્રમુખ ધીરૂભાઈ વાગડીયા,બીપીનભાઈ જોષી, નીતા બહેન કરચલીયા, દયા બહેન ચૌહાણ વિ.એ ઉપસ્થિત રહી જુથની ચર્ચામાં ભાગ લીધો હતો.

—ભાડ મુકામે ગૌરવ મહિલા મંડળની સુરેખાબહેન મહેતા, દયાબહેન ચૌહાણ મુલાકાત લીધેલ અને માર્ગદર્શન આપેલ છે.

— આંબલીયાળા મુકામે સંતોષી મહિલા મંડળની મુલાકાત દરમ્યાન તેમને બેંકમાં ખાતુ ખોલાવવા,અંદરો અંદર ધીરાણ માટે માહિતી આપવામાં આવી હતી.

— કુંકાવાવ તાલુકાના દેવગામ ગામે સ્વસહાય જૂથ મીટીંગ યોજવામાં આવી હતી.

## યુવતિ વિકાસ કેન્દ્ર

યુવતિ વિકાસ કેન્દ્ર પર એપ્રિલ થી જૂન સુધીમાં વ્યકિતગત કાઉંસેલીંગમાં ૧૬૦ બહેનોએ પોતાની મૂંઝવણોમાં કેન્દ્ર પર આવી રૂબરૂ માર્ગદર્શન મેળવેલ છે. કેન્દ્ર દ્વારા જૂથ કાઉંસેલીંગના આઠ કાર્યક્રમો યોજવામાં આવ્યા જેમાં કારકીર્દી, આરોગ્ય, આર્થિક રીતે પગભર કરતી પ્રવૃતિઓ, સ્ત્રીઓ પર અત્યાચાર, ચારિત્ર્ય ઘડતર, તરૂણાવસ્થામાં રાખવામાં આવતી સંભાળ જેવા વિષયો પર નિષ્ણાંતો દ્વારા ૩૦૦ બહેનોને માર્ગદર્શન આપવામાં આવેલ છે.

**માં ભોમના રક્ષકોના કાજે પચપચીયા**

જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ મંડળના કાયકર્તાઓ કારગીલ જવાનોની શહાદતને ઉજાંળવા સમગ્ર ગામમાંથી ફાળો એકત્ર કરી રહ્યા છે. અન્ય મંડળો પણ આ કાર્યમાં જોડાય તેવી અપિલ છે. એકત્રીત ફાળો એક સાથે મોકલી શકાય તે માટેની વ્યવસ્થા કરી છે. —મગનભાઈ સેંજલીયા

**પ્રતિભાવ**

'ટપક' દ્વારા NGO ની કાર્યપ્રવૃતિઓ વિશે સંક્ષિપ્તમાં જે માહિતી આપવાનો પ્રયાસ છે તે ખરેખર સરાહનીય છે. આપની સંસ્થાની પ્રવૃતિઓ વિશે ટપકમાં માહિતી આપશો તો સોનામાં સુગંધ ભળશે. —હિતેશ રાઠોડ,અમદાવાદ

છેલ્લા બે માસથી નૂતન ભારતી મડાણા(ગઢ)માં માનદ અધ્યાપક તરીકે સેવા આપુ છું તથા વધારામાં વોટરશેડ પ્રોજેકટમાં કૃષિ નિષ્ણાંતની જવાબદારી સંભાળી રહ્યો છું આપનું 'ટપક' મારા વોટરશેડ ના વિકાસમાં ચોકકસ દિશા પુરી પાડશે. મને વિકાસમાં ઘણી બધી માહિતી, માર્ગદર્શન પુરૂપાડી રહ્યુ છે. – નરેન્દ્ર ડાભી

રાગ: એક ઝાડ માથે ઝૂંમખડું

એક વોટરશેડની યોજના જો ગામડે ગામડે આવે તો
મજા પડે ભાઈ મજા પડે
આ ખેતર વચ્ચે તલાવડી જો પાણીનો સંગ્રહ થાય તો મજા પડે..
આ ખેતર શેઢે બંધપાળા જો પાણી જમીનમાં ઉતરેતો મજા પડે..
આ ખેતર શેઢે વૃક્ષ શોભે જો વરસાદ ખેંચી લાવે તો મજા પડે..
આ 'પ્રકાશ' તમને વિનવે છે. જો લોકભાગીદારી હોય તો
મજા પડે ભાઈ મજા પડે —પ્રકાશ ભટ્ટી

**પ્રગતિના પંથે આંબલીયાળા**

ખાંભા તાલુકાનું છેવાડાનું આંબલીયાળા ગામમાં વસ્તી આશરે ૧૨૦૦ જેટલી છે. ગામની બહેનોએ ડીસેમ્બર ૯૮ થી સ્વસહાય જુથ ઉભુ કરેલ છે. તેમની બચત રૂ.૧૬૫૦ જમાં થયેલ છે. જુથના બહેનોએ મે માસમાં ઘાસ વાઢીને દરમહિને જમા થતી બચત રૂ. ૧૦ ને બદલે રૂ. ૫૦ જમાં કરેલ હતી. આ જુથને જોઈને બીજા પણ ૧૫ બહેનો જુથ બનાવવા માટે તૈયાર થયા છે. જુથ બનાવવા માટે માત્ર બહેનો જ નહિ ભાઈઓનો પણ સહકાર જોવા મળેલ છે. તા. ૧૬/૧૨/૯૮ના રોજ શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર દ્વારા બહેનોના બચત મંડળ માટે યોજાયેલ મીટીગમાં 'ઉમટી ઉમંગની ડમરી' વિડીયો કેસેટ બતાવવામાં આવેલ આ કેસેટ કુંવરબેન મકવાણાના ભાઈએ જોઈ હતી. તેમણે ઘરે જઈને કુંવરબેનને બચત મંડળમાં જોડાવાથી થતા ફાયદા સમજાવ્યા અને મંડળમાં જોડાયા. કુંવરબેને જણાવેલ કે સ્વસહાય જુથની મીટીંગ વખતે બહેનો પોતાના તેમજ ગામના પ્રશ્નો રજુ કરી તેમનો ઉકેલ મેળવે છે. આથી ગામના વિકાસમાં અવરોધક બનતા પ્રશ્નો વિશે તેમજ આરોગ્ય, સ્ત્રીઓના વિકાસમાં અવરોધક બનતા કેટલાક સામાજિક રિવાજો, આર્થિક રીતે પગભર કરતી પ્રવૃતિઓ વિ. વિષયો પર જુથને સક્ષમ બનાવવા માટે શિક્ષણ અને સમાજ સલ્યાણ કેન્દ્ર દ્વારા અપાતી તાલીમો થી અત્યાર સુધી વાકેફ ન હતા તે માહિતી મળી છે. મંડળના બહેનોએ જણાવેલ કે ગામમાંથી વ્યાજે રૂ.લેતા ઘરેણા કે જમીન ગીરવે રાખવી પડે છે. તો અમે બચત ધિરાણ પેટે આપી જમીન રાખી તેમાં અમે ખેતી કરી જુથ સક્ષમ બનાવી શું. જુથ દ્વારા અમે વિકાસલક્ષી પ્રવૃતિઓ હાથ ધરવા વિચારેલ છે. આ ગામમાં વોટરશેડ પ્રોજેકટ આવ્યા પછી ખૂબજ ટૂંકા ગાળામાં ઘણાં વિકાસ લક્ષી કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. જેના પરિણામો આજથી જ મળવાના શરૂ થયા છે.

પુસ્તપ્રેષ—મુદ્રિત સામગ્રી
PL No.L2/6/Amr-91/99 - 16-2-99

પ્રતિશ્રી, ________________

: ટપક કાર્યાલય :
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫